# મહાનગરપાલિકા, જૂનાગઢ
# વોક ઈન ઈન્ટરવ્યુની જાહેરાત

**જુ.મ.ન.પા./એ.ડી.એમ./મહેકમ/જા.નં.૧૧૯૬/૧૯** **તા.૦૫–૧૨–૨૦૧૯**

જૂનાગઢ મહાનગરપાલિકામાં કામગીરીની જરૂરીયાતને ધ્યાને લઈ નીચે જણાવેલ જગ્યાઓ માટે લાયકાત/અનુભવ ધરાવતા ઉમેદવારોને કોઈપણ જાતના હકક–હિસ્સા વગર કોન્ટ્રાકટ બેઈઝથી તદન હંગામી ધોરણે માસ–૬ માટે કરાર આધારીત તદન હંગામી ધોરણે ફિકસ પગારથી નિમણુંક આપવાની થતી હોય, જે અંગે નીચે મુજબની જગ્યાએ યોગ્યતા અને અનુભવ ધરાવતા ઉમેદવારોએ તેઓની શૈક્ષણિક લાયકાતો અને અનુભવના પ્રમાણપત્રો અને પ્રોસેસીંગ ફી પેટે ઓપન કેટેગરીના ઉમેદવારોએ રૂા.૧૦૦/– ઓબીસી ઉમેદવારોએ રૂા.૫૦/– નો ડિમાન્ડ ડ્રાફટ (ફકત એસ.બી.આઈ. – નોનરીફંડેબલ) **''કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, જૂનાગઢ''**ના નામનો ડિમાન્ડ ડ્રાફટ અરજી સાથે જોડવાનો રહેશે. એસ.સી., એસ.ટી.ના ઉમેદવારોએ ડિમાન્ડ ડ્રાફટ જોડવાનો રહેશે નહી. વોક ઈન ઈન્ટરવ્યુ **તા.૧૯/૧૨/૨૦૧૯ ના રોજ હોય, ઉમેદવારોએ રજીસ્ટ્રેશન માટે સવારના ૯:૦૦ થી બપોરના ૧૨:૦૦ કલાકે મહેકમ શાખા રૂમ નં.૨૧૨** માં પહોંચવાનું રહશે. સમયમર્યાદા બાદ આવેલ ઉમેદવારો અને લાયકાત તથા અનુભવ ન ધરાવતા ઉમેદવારોને વોક ઈન ઈન્ટરવ્યુને લાયક ગણવામાં આવશે નહી. આ જાહેરાત જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઈટ : junagadhmunicipal.org પર જોઈ શકાશે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | જગ્યા ની સંખ્યા | ઉમર વર્ષ | માસિક મહેંતાણું |
|---|---|---|---|---|---|
| ૧ | ફાયર ઓફિસર | માન્ય યુનિ.ના સ્નાતક અને માન્ય ફાયર એકેડમીનો ઓફિસર વર્ગનો ફાયરનો કોર્ષ અને ૩ વર્ષનો સરકારી, અર્ધસરકારી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં કામગીરીનો અનુભવ | ૧ | ૩૫ વર્ષ સુધી | ૧૩,૭૦૦/– (ફિકસ) |
| ૨ | તરવૈયા | ધો.૧૨ પાસ તથા તંદુરસ્ત શારીરીક સ્વાસ્થ્ય, સશકત અને તરવૈયા કામના જાણકાર અને ૩ વર્ષનો સરકારી, અર્ધસરકારી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં કામગીરીનો અનુભવ | ૪ | ૩૫ વર્ષ સુધી | ૭,૧૦૦/– (ફિકસ) |

**શરતો : –**

**૧.** ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરે અરજી કરવાની રહેશે અને અરજી સાથે એક પાસપોર્ટ સાઈઝ ફોટો જોડવાનો રહેશે. તથા અરજીની સાથે શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરેના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ બીડવાની રહેશે.

૨. ઉપરોકત જગ્યાઓ માટે લાયકાત તથા અનુભવ ધરાવતા યોગ્ય ઉમેદવારોએ જ વોક ઈન ઈન્ટરવ્યુમાં આવવાનું રહેશે.

૩. એસ.સી/એસ.ટી./અન્ય પછાત વર્ગના ઉમેદવાર માટે ઉપલી વય મર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષ સુધીની છુટછાટ આપી શકાશે.

૪. આ જગ્યા કરાર આધારીત હોઈ નિયત મહેંનતાણા સિવાય અન્ય કોઈ લાભ મળવાપાત્ર રહેશે નહી.

**૫.** જે અરજદારોને ઈન્ટરવ્યુમાં આવે તેઓએ અસલ દસ્તાવેજો સાથે સ્વખર્ચે આવવાનુ રહેશે. આ અંગે કોઈ ખર્ચ મ.ન.પા. તરફથી ચુકવવામાં આવશે નહીં.

૬. ઉપરોકત ભરતીમાં કોઈપણ બાબતે ફેરફાર કરવાનો અધિકાર કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, જૂનાગઢનો રહેશે.

**ઈન્ટરવ્યુનું સ્થળ : –**
કમિશ્નરશ્રીનું કાર્યાલય,
મહાનગરપાલિકા કચેરી, આઝાદ ચોક, જૂનાગઢ

– સહી –
કમિશ્નર
મહાનગરપાલિકા, જૂનાગઢ

મહેકમ અધિકારી
મહાનગર પાલિકા જૂનાગઢ